ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૩/૨૨–૨૩/ 3599 તારીખ : 9 NOV 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી શિવશકિત આશિષ ટ્રસ્ટ,**
**જયહિન્દ સોસાયટી કોર્નર,**
**દેરાસર ચોક, જીનતાન રોડ,**
**સુરેન્દ્રનગર–૩૬૩૦૦૨.**

કેસ નં.૫૩/૨૨–૨૩

મો.નં– ૦૨૭૫૨–૨૨૧૬૯૯/૨૨૨૭૭૭

**વિષય : અમારા ટ્રસ્ટ સંચાલીત સંસ્થામાં ખોટી રીતે વિજ બિલની આકારણી બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૯/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૨–૨૩/૩૧૫૯ તા.૨૯/૦૯/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૨–૨૩/૩૧૬૬ તા.૩૦/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૧૦/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વઢવાણ.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૩/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી શિવશકિત આશિષ ટ્રસ્ટ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૧/૧૦/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી ઈન્દ્રસિંહ સજુભા ઝાલા (પ્રમુખશ્રી)**

પ્રતિવાદી :– શ્રીમતી બી.ડી.બારોટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શિવશકિત આશિષ ટ્રસ્ટ, મું.સુરેન્દ્રનગર, તા.જી.સુરેન્દ્રનગરની સંસ્થામાં ખોટી રીતે વિજ બિલની આકારણી બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૨–૨૩/૩૧૫૯ તા.૨૯/૦૯/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૧૦/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી શિવશકિત આશિષ ટ્રસ્ટ વતી તેમના પ્રમુખ શ્રી ઈન્દ્રસિંહ સજુભા ઝાલા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે **શ્રીમતી** બી.ડી.બારોટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી ઈન્દ્રસિંહ સજુભા ઝાલા દ્વારા શિવશકિત આશિષ ટ્રસ્ટ નામની સંસ્થા વિજ જોડાણ નં–૨૪૮૦૧/૫૫૫૦૨/૦ થી પેટા વિભાગીય કચેરી વઢવાણ ખાતે વાણિજય ટેરીફનું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, સદર વિજ જોડાણ શૈક્ષણિક હેતુ માટે અને શિવશકિત આશિષ ટ્રસ્ટ કે જે એક શૈક્ષણિક સંસ્થા છે તેના નામે લેવામાં આવેલ છે. સદર વિજ કનેકશન માટે વિજ કનેકશનની અરજી સમયે તમામ જરૂરી દસ્તાવેજી પુરાવા પેટા વિભાગીય કચેરી, વઢવાણ ને આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ સદર વિજ કનેકશન ના હેતુ માટેના દસ્તાવેજ જોડવા છતાં, આજદિન સુધી વિજ કચેરી દ્વારા વાણિજય તરીકે ગણી તે મુજબના ચાર્જ લેવામાં આવે છે. સદર બાબતે તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ સંસ્થાના યોગ્ય જરૂરી પુરાવા આપી અરજી વિજ કચેરી, વઢવાણ ખાતે કરેલ હતી. અને જણાવેલ છે કે, જીએલપી ટ્રસ્ટને લગતા તમામ લાભ આપવા અને અત્યાર સુધીનું વિજ બિલની પરત મેળવવાની રકમ મજરે આપવી. તેમ જણાવેલ છે. આમછતાં, કોઈપણ ફેરફાર કરવામાં આવેલ નથી. તેમ વાદીશ્રી જણાવે છે.

૧.૪ આમ, વાદી દ્વારા સદર બાબતે ધ્યાનમાં લઈને ન્યાય આપવા માંગણી કરવામાં આવેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ વાદીશ્રી શિવશકિત આશિષ ટ્રસ્ટ, વિજ જોડાણ નં–૨૪૮૦૧/૫૫૫૦૨/૦ થી પેટા વિભાગીય કચેરી, વઢવાણ ખાતે તા.૨૧/૦૧/૨૦૧૨ થી ૭.૫ કિ.વો નું વાણિજય ટેરીફનું વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ વાદીશ્રી દ્વારા તા.૦૪/૦૪/૨૦૧૭ ના રોજ ૭.૫ માંથી ૨૬.૫ નો વિજભાર વધારો કરવામાં આવેલ હતો.

૨.૩ વાદીશ્રી દ્વારા તા.૧૯/૦૪/૨૦૨૨ ના રોજ પેટા વિભાગીય કચેરી, વઢવાણ ખાતે અરજી કરેલ હતી. જેમાં, જણાવેલ કે, સદર વિજ કનેકશનનું વિજ બિલ વાણિજય ટેરીફનું આપવામાં આવે છે. પણ અમારો હેતુ શૈક્ષણિક માટેનો હોય, અને ટ્રસ્ટમાં રજીસ્ટર્ડ થયેલ હોય, વિજ બિલમાં જીએલપી ટેરીફનું આપવું જોઈએ. પરંતુ, વાદી દ્વારા તા.૨૧/૦૧/૨૦૧૨ થી વિજ કનેકશન લાગેલ હતું પણ સદર બાબતની અરજી ૧૦ વર્ષ પછી એટલે કે, તા.૧૯/૦૪/૨૦૨૨ ના રોજ ટ્રસ્ટની નોંધણીની નકલ વિજ કચેરી ખાતે આપી જાણ કરવામાં આવેલ છે.

૨.૪ વાદીની રજૂઆત બાબતે વિજ કચેરી દ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવા વાદી પાસેથી મેળવી તા.૦૬/૦૫/૨૦૨૨ ના રોજ ટેરીફ બદલવા માટે સીઆરએમ મોડયુલમાં પીજી–૪૪૮૬૬૬ નંબરથી ટીકીટ મૂકવામાં આવેલ હતી. જે અન્વયે, સદર ટેરીફ બદલવા માટે એસઆર પાડવાનું જણાવી ટીકીટ કલોઝ કરવામાં આવેલ હતી. પણ એસઆર માં નવા ટેરીફમાં જીએલપી નો ઓપ્શન આવેલ નહી હોવાથી, ફરી તા.૦૮/૦૪/૨૦૨૨ ના રોજ પીજી–૪૫૮૬૫૮ થી ટીકીટ મૂકવાથી સીઆરએમમાં ટેરીફ ચેન્જ થયેલ જોવા મળેલ હતી. પણ એલટી બિલીંગ સીસ્ટમમાં અપડેટ થયેલ ન હતી. સદર ટેરીફ એલટી બિલીંગ સીસ્ટમમાં અપડેટ કરવા માટે ફરીવાર તા.૦૩/૦૮/૨૦૨૨ ના રોજ પીજી–૪૬૨૭૧૦ નંબર થી ટીકીટ મૂકેલ હતી. જેનો વર્ક ફલો તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ L-0 દ્વારા લોંચ કરવામાં આવેલ હતો. પણ જરૂરી દસ્તાવેજી પુરાવા આપેલ નહી હોવાથી,વિભાગીય કચેરી દ્વારા નામંજૂર કરેલ હતું. જેના લીધે ટેરીફ ચેન્જ થઈ શકેલ નથી.

૨.૫ આમ, વાદીની રજૂઆત ધ્યાને લઈ, અરજી ની તારીખથી ટેરીફ ચેન્જ કરી આપી ફરીયાદનું નિવારણ લાવી શકાય.

Consumer ...ce Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મે.શિવશકિત આશિષ ટ્રસ્ટ, ગ્રાહક નં–૨૪૮૦૧/૫૫૫૦૨/૦ થી સુરેન્દ્રનગર ખાતે શૈક્ષણિક સંસ્થા ધરાવે છે. તથા તેમની સંસ્થા ટ્રસ્ટની હોવા અંગેના જરૂરી આધાર પુરાવા આપવા છતાં પણ, પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા તેમના સદરહુ સંસ્થાનું (જીએલપી) ને બદલે કોમર્શિયલ(એનઆરજીપી) વિજ વપરાશ મુજબની ગણતરી કરી બિલ આપવામાં આવતું હોવાની ફરીયાદ ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન, બંને પક્ષોએ હાજર રહી રજૂઆત કરી દસ્તાવેજો રજૂ કરેલ છે. જેને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદીની ટ્રસ્ટની જગ્યા મુજબ વિજ બિલ આકારવાની તા.૧૯/૦૪/૨૦૨૨ ના ની અરજીના આધારે પ્રતિવાદી પીજીવીસીએલ કચેરી દ્વારા વાદી પાસેથી જરૂરી આધાર પુરાવાઓ મેળવી તેમની કોર્પોરેટ કચેરી, રાજકોટ પાસે મંજૂરી મંગાવવાની કાર્યવાહી તા.૦૬/૦૫/૨૦૨૨ થી સીસ્ટમ થકી કરેલ છે. જેના અનુસંધાને, પ્રતિવાદીની મંજૂરી સીસ્ટમમાં અપડેટ ના થવાથી બીજો અને ત્રીજો પ્રયત્ન તા.૦૮/૦૭/૨૦૨૨ અને તા.૦૩/૦૮/૨૦૨૨ થી ફરીવાર કરવામાં આવતા તે મંજૂર તા.૧૮/૦૮/૨૦૨૨ થી ન થતાં, ફરીવાર તા.૧૦/૧૦/૨૦૨૨ થી સીસ્ટમમાં મંજૂરી માંગેલ છે.

૩.૩ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા વાદીના વીજ જોડાણનો ટેરીફ **એનઆરજીપી થી જીએલપી કરવા માટેની બાકી રહેલ પ્રકિયા તાત્કાલિક પૂર્ણ કરવી અને અરજી કર્યાની** તારીખ એટલે કે તા. ૧૯.૦૪.૨૦૨૨ની પાછલી અસર થી ટેરીફ ફેરફાર કરીને બિલીંગમાં સુધારો કરવો અને આગળ કાર્યવાહી કરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :– ૧૧/૧૦/૨૦૨૨.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar